જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૫/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૮૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૭૩ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૫ બીયરટીન, ૦૧ સ્કુટર અને ૦૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૧૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૮૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૬૮૪/૨૦૨૬**

બોડકદેવઃ દિનેશભાઇ ભાઈલાલભાઈ મકવાણા (ઉ.વ.૨૩) (રહે. ભમ્મરીયાના છાપરામાં સોલા)એ તા.૧૪/૦૫/૨૦૨૬ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૯/૨૦૨૫ થી આજ દિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અંકિતભાઇ ઇશ્વરભાઇ પટેલ (રહે. કબીર એપાર્ટમેન્ટ સાયન્સ સીટી સોલા) એ દિનેશભાઈને જણાવેલ કે હું મુખ્યમંત્રી આવાસ યોજનામાં મકાન આપવાનું કામ કરૂં છુ અને એ.એમ.સી.માં ઓળખાણ છે તમારે મકાન મેળવવું હોય તો એડવાન્સ પેટે રૂપિયા ૧,૫૦,૦૦૦/– આપવા પડશે તેમ કહી વિશ્વાસમાં લઈ દિનેશભાઇ મકવાણા પાસેથી એડવાન્સ પેટે રૂપિયા ૧,૫૦,૦૦૦/– તેમજ અન્ય ૧૪ સાહેદ પાસેથી કુલ રૂપિયા ૧૦,૧૦,૦૦૦/– મેળવી લઈ મકાન નહીં અપાવી કે નાણાં પરત નહીં આપી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.જાડેજા ચલાવે છે.

મેઘાણીનગરઃ મેઘાણીનગર ઓમનગર જીજીબાઈની ચાલી ખાતે રહેતી મહીલાએ તા.૧૪/૦૫/૨૦૨૬ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૫/૨૦૨૬ ના રોજ મહીલા પોતાના મોબાઈલમાં ઈસ્ટાગ્રામ રિલ્સ જોઈ રહ્યા હતા ત્યારે રિલ્સમાં " Tubi " નામની મુવી એપ્લિકેશન આવતા મહીલાએ તે એપ્લીકેશન ડાઉનલોડ કરતા અજાણી વ્યક્તિએ મહીલાના ખાતામાંથી બે ટ્રાન્ઝેકશન કરી કુલ રૂપિયા ૬૩,૯૦૦/– (૧) મોહમ્મદ સમી અને (૨) રશિદખાન નામ ધરાવતી વ્યક્તિઓના ખાતાઓમાં ટ્રાન્સફર કરી લઈ ઠગાઈ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.કે.દેસાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી